ખ-૦ સરગાસણ ચોકડીથી ખ-૭ સર્કલ સુધીનો માર્ગ પ્રતિબંધિત જાહેર કરાયો

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર વિસ્તારના ખ-૦ સરગાસણ ચોકડીથી ખ-૭ સર્કલ સુધીના માર્ગમાં બંને સાઈડો પર રહેણાંક મકાનો આવેલા છે. જેમાં મોટા ભાગના કર્મચારીઓ/નિવૃત કર્મચારીઓના વસવાટ છે. આ માર્ગ પર મહાત્મા મંદિર પણ આવેલ છે. મહાત્મા મંદિરમાં અવાર નવાર સરકારશ્રીના દ્વારા કાર્યક્રમો યોજવામાં આવે છે.આ કાર્યક્રમોમાં વી.વી.આઈ.પી ઓ, આમ જનતા પણ ઉપસ્થિત રહેતી હોય છે. નવા સેકટરોનો વિકાસ થયેલ હોવાથી સ્થાનિક વાહન વ્યવહાર પણ વધુ રહે છે.આ માર્ગ પર સરકારી કચેરીઓ, રેલ્વે સ્ટેશન, સ્કુલ-કોલેજ પણ આવેલા છે. જેના કારણે વાહન વ્યવહારનુંભારણ રહે છે. સીનીયર સીટીજનો, બાળકો વિગેરેના વસવાટ હોવાથી તેઓની અવર જવર સ્કુલ, કોલેજના વિદ્યાર્થીઓની અવર જવર વધારે રહેતી હોય છે. આ માર્ગ પર ભારે વાહનોની અવર જવર થતી હોવાથી અને ઉપર જણાવ્યા મુજબના વાહન વ્યવહારનું ભારણ રહેતું હોવાથી વાહન અકસ્માતના ગંભીર તેમજ -ણદ્યાતક બનાવો અવાર નવાર બનવા પામેલ છે. આ રોડ ઉપર થતાં અકસ્માતોની આમ જનતામાં સતત ચિંતા જન્માવે છે. વસાહત મંડળોની પણ ભારે વાહનો -તિબંદ્યિત કરવાની અગાઉ લોકાના વાંદ્યા સૂચના ધ્યાને લેવા સારું અત્રેથી ગુજરાત પોલીસ અદ્યિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)(ખ)હેઠળ સુચિત જાહેરનામુ બહાર પાડી આ જાહેરનામાને જિલ્લા કચેરીઓ, મહાનગરપાલિકા કચેરી, સબડીવીઝનલ કચેરી, મામલતદાર કચેરી વિગેરે કચેરીઓમાં -સિધ્ધ કરાવી લોકોના વાદ્યા સુચનો કે મંતવ્યો તા.૧/૬/૧૨ થી તા.૦૮/૦૬/૧૨ સુધીના સમયગાળા દરમ્યાન મંગાવામાં આવેલ. આ સુચિત જાહેરનામું સ્થાનિક વર્તમાન પત્રમાં સમાચાર સ્વરૂપે -સિધ્ધ થયું હતું. આ સમયગાળા દરમ્યાન અત્રેની કચેરીમાં આ સુચિત જાહેરનામા અંગે શ્રી દિગંત એમ. કાપડીયા રહે-ગાંધીનગરનાએ મંતવ્ય રજુ કરી અને ખ-રોડ ઉપર ભારે વાહનોનો -તિબંદ્ય ફરમાવવા વિનંતી કરેલ. શ્રી કાપડીયાનું મંતવ્ય વિગેરે ધ્યાને લઈ ગાંધીનગર શહેર વિસ્તારના ખ-૦ સરગાસણ ચોકડી થી ખ-૭ સર્કલ સુધીના માર્ગ ઉપર ભારે વાહનોની અવર જવર -તિબંદ્યિત કરવી જાહેર હિતમાં જરૂરી હોય, ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રી અને જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી પી. સ્વરૂપે તેમને મળેલ સત્તાના રૂએ ખ-૦ સરગાસરણ ચોકડી થી ખ-૭ સર્કલ સુધીના માર્ગ પર ભારે વાહનોની અવર જવર પર -તિબંદ્ય ફરમાવ્યો છે. આ હુકમ બીજો હુકમ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે. ત્યાં સુધી નીચે મુજબના વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાનો પણ હુકમ કરવામાં આવ્યો છે.

સેક્ટરોની સુવિધા કેન્દ્ર બહાર અધિકારીઓ - કર્મચારીઓના નામ અને મોબાઈલ નંબરવાળું સાઈનબોર્ડ મૂકાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના તમામ સેક્ટરોમાં સુવિધા કેન્દ્રો આવેલા છે. હવેથી આ સુવિધા કેન્દ્રોની બહાર કેન્દ્રના મુખ્ય અધિકારી એસ.ઓ. સહિત મહત્વના કર્મચારીઓના નામ અને મોબાઈલ નંબર સહિત મહત્વના કર્મચારીઓના નામ અને મોબાઈલ નંબર અને કયા સમયે અધિકારી મળશેનું તેવું સાઈનબોર્ડ બહાર મૂકવાનો આદેશ જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપે કર્યો છે.

ગાંધીનગર શહેરના સરકારી આવાસની જાળવણી કરવાના આશયથી તમામ સેક્ટરોમાં સુવિધા કેન્દ્રો ઊભા કરવામાં આવ્યા છે. સરકારી આવાસના રીપેરીંગ કે અન્ય ફરિયાદ સેક્ટરોના રહીશો અહીં કરે છે.

પરંતુ જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપને સેક્ટરોના અનેક રહીશો દ્વારા એવી ફરિયાદ મળી હતી કે આ સુવિધા કેન્દ્રોમાં કામ કરતાં કર્મચારીઓન સંપર્ક થતો નથી. જેના પરિણામે ઘણા નાના-મોટા કામો ત્વરિત પૂરા થાય તેવા હોવા છતાં વિલંબમાં પડે છે.

આ ફરિયાદને ધ્યાને રાખીને જિલ્લા કલેક્ટરશ્રી પી. સ્વરૂપે શનિવારે મળેલ સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં પાટનગર યોજના વિભાગ નં.૨ના કાર્યપાલક ઈજનેરશ્રીને તમામ સુવિધા કેન્દ્રોની બહાર ઓ.એસ.થી માંડીને મહત્વના કર્મચારીઓના નામ અને સંપર્ક નંબરવાળું સાઈન બોર્ડ લગાવવા જણાવ્યું છે. જેમાં સંબંધિત અધિકારીશ્રીને કયા સમયે મળી શકશે તેનો પણ ઉલ્લેખ કરવા સૂચના આપી છે.

આ બોર્ડની ડિઝાઈન તમામ સુવિધા કેન્દ્રોમાં એક સરખી રાખવામાં આવશે. તે ડિઝાઈન કાર્યપાલક ઈજનેરશ્રીને ત્વરિત બનાવી કલેક્ટરશ્રીને મોકલી આપશે. તે ડિઝાઈન કલેક્ટરશ્રી પાસ કરશે તે પછી આ દિશામાં જરૂરી કાર્યવાહી હાથ ધરાશે.

નેશનલ રાહુલ ગાંધી બ્રિગ્રેડ- ગાંધીનગર જિલ્લા આયોજિત રકતદાન કેમ્પ આજ રોજ ચિલોડા ખાતે ડૉ. કૌશિક શાહના દવાખાના ખાતે યોજાઈ ગયો. કેમ્પના સી.જે ચાવડા, પૂર્વ પ્રમુખ જશુભા રાણા તથા મંત્રી અશ્વિનભાઈ બારોટ ખાસ ઉપસ્થિત રહી યુવાનોને પ્રોત્સાહન આપ્યું હતું. સમગ્ર કેમ્પ દરમ્યાન રાહુલ ગાંધી બ્રિગ્રેડના જિલ્લાના યુવાનોએ ૫૧ બોટલ રકતદાન કર્યું હતું. સમગ્ર કેમ્પનું સંચાલન રાહુલ ગાંધી બ્રિગ્રેડના જિલ્લા પ્રમુખ વિરેન્દ્રસિંહ રાણા તથા ગાંધીનગર તાલુકા પ્રમુખ વિપુલભાઈ પ્રજાપતિ તથા ઉપપ્રમુખ જિતેન્દ્રસિંહ સોલંકી, દહેગામ તાલુકા પ્રમુખ જગતસિંહ ચૌહાણે કર્યું હતું. બ્લડ કલેકશન શ્રદ્ધાદીપ બ્લડ બેંકના કર્મચારીઓ તથા મહેન્દ્રભાઈ ગજજરે કર્યું હતું. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

પાટનગર ભવનમાં વય નિવૃત્તિ થતાં વિદાય સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧

પાટનગર યોજના વિ.કના આર.સી. પટેલ (કા.ઈ.શ્રી), સી.વી. ગોહિલ (કચેરી અધિક્ષક પા.યો.વર્તુળ), જી.વી. પટેલ (સ્ટોરકીપર પા.યો.વર્તુળ) વય નિવૃત્તિ થતાં તા. ૩૦ જૂન શનિવારના રોજ સરકારી હાઉસ ગાંધીનગર ખાતે વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો.

જેમાં શુભેચ્છા પાઠવવા સર્વશ્રી એન.કે.પટેલ (મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી) વાય. એમ. ચાવડા (અધિક્ષક ઈજનેરશ્રી પા.યો. વર્તુળ) તથા કે.આર. પંડયા (કા.ઈ.શ્રી) ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કર્મચારી ગણ અને સ્ટાફ મિત્રો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન શ્રી કે.પી. પ્રજાપતિ (ના.કા.ઈ.શ્રી) એ.એન. પંડયા અને બિમલભાઈ શુક્લ (મેનેજરશ્રી)એ કર્યું. કાર્યક્રમનું સંચાલ પોપટભાઈ પ્રજાપતિ (નિવૃત મુખ્ય નકશાગાર) એ કર્યું હતું.

સહયોગ મંડળે સરકારી પ્રાથમિક શાળામાં શૈક્ષણિક સામગ્રી વહેંચી

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરની સેવાભાવી સંસ્થા સહયોગ મંડળના પ્રમુખ ભગુભાઈ પટેલે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તાજેતરમાં શહેરની સરકારી પ્રાથમિક શાળામાં ૬૨ જેટલા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સહયોગ મંડળના સભ્યોએ તાજેતરમાં ગાંધીનગર શહેરની સેકટર-૧ ઉની સરકારી પ્રાથમિક શાળા નં.૧, ૨ માં શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કર્યું હતું. શાળાના ૬૨ જેટલા બાળકોને મંડળે સ્લેટ, સ્લેટ-પેન, પેન્સિલ, રબર, નોટો, સ્કુલ બેગ, કંપાસબોક્ષ, પેનો તથા ફૂલ સાઈઝના ચોપડાઓનું વિતરણ કર્યું હતું. શાળામાં અભ્યાસ કરતા જરૂરીયાતમંદ બાળકોને આ શૈક્ષણિક સામગ્રી આપવામાં આવી હતી. શાળાના આચાર્ય અને શિક્ષકગણે સહયોગ મંડળને આ બાબતે સંપૂર્ણ સહકાર આપ્યો હતો જે બદલ તેઓએ આભાર વ્યકત કર્યો હતો.

ગૌમાતા પરના અત્યાચારને નાથવા જનજાગૃતિ અભિયાન

સેકટર-૨૩માં પેટ્રોલપંપની પાછળની ઝાડીમાં ઝાડ ઉપર 'ગૌમાતા' જેરીતે લટકાવીને માર મારેલની માહિતી ધ્યાનમાં આવેલ છે. જેને બ્રહ્મસેના, પરશુરામ ફાઉન્ડેશન, નર્મદા સુરસંગમ સંસ્થાએ આ ઘટનાને વખોડી કાઢેલ છે.

આ દુઃખદ અને સમાજ માટે કલંક સમાન ઘટનાની સંપૂર્ણવિગતોકાયદા મંત્રી દિલીપભાઈ સંઘાણી તથા મુખ્યમંત્રીને રજૂઆત કરેલ છે. ગૌમાતાની હત્યા કરનારને મૃત્યુદંડ જેવી સજા ફટકારવા માગણી કરેલ છે. ગૌમાતાને કોઈ પણ જગ્યાએ હેરાન ગતિ થતી હોય તો મોબાઈ નંબર-૯૪૦૮૨ ૧૭૬૧૮ તથા ૯૯૭૮૪ ૪૭૦૪૭ નો સંપર્ક કરવા જાણ કરવામાં આવેછે.

ધી વસુધા ક્રેડીટ કો.ઓ. સોસાયટી લિ.ની ૧૫મીએ સાધરણ સભા

ધી વસુધા ક્રેડીટ કો.ઓ. સોસાયટીની વાર્ષિક સાધરણસભા તથા તેજસ્વી તારલાનો સન્માન સમારંભ તા. ૧૫ જુલાઈના રવિવારના રોજ બપોરે ૧.૦૦ કલાકે ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. સોસાયટીનો વાર્ષિક અહેવાલ આપવામાં આવી રહ્યો છે. ન મળ્યો હોય તેવા સભાસદોએ કાર્યાલય પરથી મેળવી લેવો. તેજસ્વી વિદ્યાર્થીઓના ફોર્મ પણ કાર્યાલય પરથી તા. ૧૦ જુલાઈ સુધી પરત કરવાના રહેશે.

પાંડુરંગ પાંડુરંગ હરિ વિઠ્ઠલાનાં ભજન કિર્તનથી

મહારાષ્ટ્ર સમાજે અષાઢી એકાદશીની ભકિતમય માહોલમાં ઉજવણી કરી

ગાંધીનગર, તા.૧

અષાઢી અગિયારસને 'શયની અગિયારસ' પણ કહેવાય છે. આ દિવસથી ભગવાન વિષ્ણુ સમુદ્રમાં શેષનાગ પર શયન કરે છે અને કાર્તિકી અગિયારસ સુધી એટલે કે ચાર માસ સુધી શયન કરે છે, એટલે આ સમયગાળાને ચાતૂર્માસ કહેવાય છે.

અષાઢી અગિયારસનું મહારાષ્ટ્રમાં વિશેષ મહત્વ છે. જેમ

ગુજરાતમાં લોકો અંબાજીની પદયાત્રા કરે છે, એમ જ મહારાષ્ટ્રમાં લોકો પંઢરપુર, વિઠોબા એટલે કે વિઠ્ઠલ, વિષ્ણુની પદયાત્રા ભજન-કિર્તન તંબુરાનાં એકતારા સાથે કરે છે. ગાંધીનગર મહારાષ્ટ્ર સમાજે સે-૨૧ ખાતે એમનાં સમાજ ભવને અષાઢી અગિયારસ ભકિતભાવથી ઉજવી.

વિઠ્ઠલ ભગવાનનો જયજયકાર કરી કાર્યક્રમના અતિથી વિશેષ હેમચંદ્ર થોરાત અને દત્તુ બાંદલે પ્રસંગોચીત તહેવારનું મહત્વ સમજાવ્યું. સમાજના પ્રમુખ સોમનાથ ખાંદારેએ સૌનું શાબ્દિક સ્વાગત કરી ભજન સંધ્યાની શરૂઆત કરાવી.

મહારાષ્ટ્રનાં અત્યંત પ્રસિધ્ધ એવાં ભિમસેમ જોષી, લતા મંગેશકર અને સુરેશ વાડકરનાં પ્રખ્યાત ભજન-કિર્તનની ધુમ મચાવી, વિઠોબાની ભકિતનાં ભજનો બાબારામ ખાંદારે, કિશોર પંચાક્ષરી, ગજાનન કાનડે, સંદીપ પાંગે, ગોટુ વાણી, સોમનાથ ખાંદારનાં ગ્રૂપે સતત બે કલાક વાતાવરણને ભકિતના રંગે રંગી નાંખ્યું. મહારાષ્ટ્રના અસ્સલ લહેલા જેવું ઢોલક-નાળ પર રાજુબર્વેએ જબરદસ્ત થપાટો લગાવતાં સૌ ભકતજનો તાલીઓના સથવારે 'પાંડુરંગ, પાંડુરંગ હરિ વિઠ્ઠલા'નાં રંગે રંગાઈ ગયાં.

વિઠ્ઠલ ભગવાનની આરતી અને 'જય જય વિઠ્ઠલ જય હરિ વિઠ્ઠલ'ની ધુન સાથે કાર્યક્રમ સંપન્ન થયો. ભજન મંડળીનું સન્માન સમાજના મંત્રી ચંદ્રકાન્ત કાંબળેએ કર્યું જયારે આ સમગ્રભકિતમય કાર્યક્રમનું પંઢરપુરનાં વિઠોબાની વિશેષ માહિતી સભર કાર્યક્રમનું રસદાયી સંચાલન સમાજનાં ઉપપ્રમુખ સંજય થોરાતે કર્યું. ગાંધીનગરના અત્યંત ખ્યાતનામ આર્કીટેક અને કાર્ટુનીસ્ટ ચિપલોનકર દાદાએ ખાસ 'મહારાષ્ટ્ર સમાજ ભવન'નું એક સુંદર ચિત્ર સમાજને આ પ્રસંગે ભેટ આપ્યું. ભાદરવા મહિનામાં ગણેશોત્સવની દમદાર ઉજવણીની તૈયારી સહ આ કાર્યક્રમ સંપન્ન થયો.

વિટકોસની ચાંદખેડા-અડાલજ રૂટમાં ફેરફાર કરવાની માંગ

હાલમાં વિટકોસ બસ સીટી બસ ડેપોથી ઘ-૦ થઈ ચાંદખેડા અડાલજની નવ બસો અવરજવર કરે છે. પરંતુ ઘ-૦થી પેસેન્જર બેસનાર, ઉતરાનાર હોતા નથી. તો આ રૂટની પાંચ બસો ઘ-૦ થઈ અડાલજ-ચાંદખેડા આવજા કરે તથા ચાર બસો સીટી બસ ડેપોથી ઘ-૧, ખ-૧, ગ-૧ થઈ સરગાસણ ચાર રસ્તા થઈ અડાલજ થઈ સરગાસણ ચાર રસ્તા થઈ ખ-૧, ગ-૧, ઘ-૧ થઈ પરત સીટી બસ ડેપો આવે. સે-૩, સેકટર-૪ના રહીશોને બસની સુવિધા મળે તથા વિટકોસની આવક વધે. બંને રીતે લાભ રહે. આ પ્રમાણએ રૂટમાં સાધારણ ફેરફાર કરવાની લોક માગણી છે.

લાગણીના પાયા પર રચાતી સંબધોની ઈમારત બુલંદીને ચુમે છે

સેકટર-૨૭માં રહેતા લાલભાઈ પટેલ ચાર વર્ષની ઉંમરે માતા ગુમાવી ચુકેલા ભત્રીજા ધવલ પટેલને સાચવી લઈ તેની જીંદગીના માર્ગને ફુલોથી મઘમઘતો બનાવી દીધો

સંબધોની મજબૂત અને બુલંદ ઈમારત રચવા માટે તેના પાયા પર લાગણીઓના જળનું વર્ષો સુધી સિંચન કરવું પડે. ખૂબ ધીરજવાળું આ કામ અઘરું તો છે જ પરંતુ જ્યારે આ ઈમારત રચાય છે ત્યારે તેની મજબૂતી એટલી ટકાઈ હોય છે કે જીવનના કોઈ ઝંઝાવાત તે ઈમારત તો કાંકરો પણ ખેરવી શકતા નથી. સેકટર-૨૭માં રહેતા લાલાભાઈ પટેલ અને તેમના પુત્ર સમાન ભત્રીજા ધવલ પટેલ વચ્ચે સંબંધ ઈમારત આજે એટલી મજબૂત બની છે કે વર્ષો સુધી તેને જરાય આંચ નહીં આવે. સંબંધોની આ ઈમારતને મજબૂત કરવા પાછળ છે લાલભાઈનું સમર્પણ અને ધવલ પટેલનો સ્નેહ.

માત્ર ચાર વર્ષની ઉંમરે ધવલભાઈની માયા ભદ્રાક્ષીબેનનું અવસાન થયું. ખૂબ જ નાની ઉંમરે માતાની છત્રછાયા ગુમાવી ચુકેલા ભત્રીજા ધવલને તેના મોટા પપ્પા (બાપુજી) તેને પોતાની સાથે ગાંધીનગર લઈ આવ્યા. તે પછી તો ધવલભાઈના પિતા ઠાકોરભાઈ પટેલ બીજા લગ્ન કર્યા પરંતુ, ધવલને તો અહીં બાપુજી સાથે એવું ગોઠી ગયું કે તે પિતા પાસે ઉવારસદ ગયો જ નહીં. સેકટર-૨૭ના વિશાળ મકાનમાં ધવલભાઈ લાલભાઈ પટેલા પુત્રો નિરંજનભાઈ અને ઉરેનભાઈ સાથે મોટા થતો રહ્યો. સંતાનોને સાચવવાની જવાબદારી ખૂબ જ મોટી હોય છે. તેમાંય પારકા ના સંતાનાને ઉછેરવો એટલું જ નહીં તેને મા-બાપનો પ્રેમનો આપવો ખુબ અઘરો છે. ત્યારે લાલભાઈએ ભત્રીજા ધવલને ઉછેર્યો એટલું જ નહિં તેની કારર્કિદીના



સંબંધ સજાવે જિંદગી
મારા બાપુજી
- તબસ્સુમ પઠાણ
gsrelation@yahoo.com

ઘડતરમાં મોટો ફાળો આપી વિશાળ હૃદયની સાબિતી આપી છે. પોતાના દિકરાઓની જેમ જ લાલભાઈએ ભત્રીજા ધવલને વિજ્ઞાન પ્રવાહનું શિક્ષણ અપાવ્યું અને નવીન કારર્કિદીની રાહ ચિંધી. ધોરણ -૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા પાસ કર્યા બાદ ધવલ પટેલે દાંતીવાડાની કૃષિ યુનિવર્સિટી માંથી વેટરનરી સાયન્સની પદવી પ્રાપ્ત કરી છે. હાલમાં તે રાજયના પ્રસિધ્ધ બીડજ ફાર્મમાં લાઈવ સ્ટોક ઈન્સ્પેકટર તરીકે ફરજ બજાવી રહ્યા છે. અને કારર્કિદીને આગળ ધપાવી રહ્યો છે. ધવલ પટેલ કહે છે કે, બાપુજીએ મને જે પ્રેમ- સ્નેહ અને માર્ગદર્શન આપ્યું તે અનન્ય છે. તેમના પ્રેમની તુલના કોઈ સાથએ ન થઈ શકે...!

આજે મને બધા લાલભાઈના દિકરા તરીકે જ ઓળખે છે. શનિ-રવિની રજાઓ દરમ્યાન ધવલ અચુક ગાંધીનગર એકાદ આંટો મારી જાય છે. હાલમાં તેના લગ્નની વાત ચાલી રહી છે. તે બધું જ આયોજન લાલભાઈ પટેલ કરી રહ્યા છે. ધવલને ઉરેનભાઈ અને તેમના પત્નિ સોનલબેન સાથે ખૂબ બને છે. કોઈપણ મુશ્કેલી હોય તો તે સૌથી પહેલાં ઉરેનભાઈને વાત કરે. અને ઉરેનભાઈ એટલી જ સહૃદયતાથી તે મુશ્કેલીનો હલ આપે. જ્યારે છોકરી પસંદ કરવામાં સોનાલીબેન ધવલભાઈની મદદ કરી રહ્યા છે. ઉવારસદ ભલે ધવલ પટેલનું મૂળ ગામ અને ઘર રહ્યું છે. પરંતુ તેના લગ્નની તૈયારીઓ અને ઉત્સાહ તો સેકટર-૨૭માં બાપુજીના ઘરેથી જ થઈ રહી છે. તેની કારર્કિદીની ગાડીને પાટા પર ચઢાવનાર લાલભાઈ પટેલ અને તેમના પરિવાર હવે તેની જીવનની ગાડીને પાટે ચઢાવવા એટલા જ ઉત્સાહથી કામ કરી રહ્યા છે. નિસ્વાર્થ પ્રેમ તે આનુ જ નામ!

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૭
સૂર્યાસ્ત : ૭.૨૯

તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૩૨ ટકા ● સાંજે ૫૦ ટકા

મનોરંજન

સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :
મેક્ષીમમ : ૧.૧૫, ૩.૩૦, ૫.૪૫, ૭.૪૫, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન (હિન્દી) : ૧૦.૦૦,૧૨.૩૦,૩.૦૦, ૮.૦૦, ૧૦.૩૦
ધ અમેઝીંગ સ્પાઈડરમેન (અંગ્રેજી): ૫.૩૦
: સ્ક્રીન-૩ : ફરારી કી સવારી : ૧૧.૩૦
તેરી મેરી કહાની : ૨.૧૫, ૪.૩૦, ૧૦.૦૦
રાઉડી રાઠોડ : ૬.૪૫
: સ્ક્રીન-૪ : મેક્ષીમમ : ૧૦.૦૦
ગૈન્સ ઓફ વાસાઈપુર : ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
તેરી મેરી કહાની : ૨.૦૦
રાઉડી રાઠોડ : ૪.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
કેવી રીતે જઈશ : ૮.૦૦
ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્દી) : ૧૦.૪૫,૧.૩૦,૪.૧૫, ૭.૦૦, ૯.૪૫
: સ્ક્રીન-૨ :
ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્દી) : ૯.૧૫,૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫
: સ્ક્રીન-૩ : મેક્ષીમમ : ૯.૦૦, ૪.૪૫
તેરી મેરી કહાની : ૧૧.૦૦
ગૈન્સ ઓફ વાસાઈપુર : ૧.૩૦, ૯.૩૦
રાઉડી રાઠોડ : ૬.૪૫
: સ્ક્રીન-૪ : ફરારી કી સવારી : ૯.૩૦, ૨.૪૫, ૮.૦૦
રાઉડી રાઠોડ : ૧૨.૦૦
તેરી મેરી કહાની : ૫.૩૦, ૧૦.૪૫

સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
લવ- સેક્સ ઔર મલ્ટીપ્લેક્ષ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

આંબેડકર હોલ

● બપોરે ૪.૦૦ કલાકે લાયોનેસ વીક કલબ ગાંધીનગર અને ગાંધીનગર જિલ્લા પંચાયત- આરોગ્ય વિભાગના સૌજન્યથી 'બેટી બચાવો' કાર્યક્રમ.

આપની આજ

મેષ : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીજનો સાથે વિવાદોથી દુર રહેવું.

વૃષભ : આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

મિથુન : મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપાર માં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

કર્ક : સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. આર્થિક તંગી દુર થવાની સંભાવના છે. પ્રયત્નોથી લાભ થશે. અભીષ્ટ ફળ પ્રાપ્તિ અને કાર્યોમાં વિસ્તાર થવાનો યોગ બનશે.

સિંહ : વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને. કૌટુંબીજનો સાથે મતભેદ થવાની સંભાવના છે.

કન્યા : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

તુલા : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનુંસમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

વૃશ્ચિક : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

ધન : ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. વ્યાપારમાં નવા અને લાભદાયક કરાર થઈ શકે છે.

મકર : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

કુંભ : દિવસ મધ્યમ અને ફળદાયી પસાર થઈ શકશે. આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. પ્રયત્નોમાં અસફળતાથી મળેલી નિરાશાને હાવી થવા દેશો નહિ.

મીન : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

ચિરવિદાય

● સ્વ. ગોવિંદભાઈ મશરૂજી ઓડ (ઉ.વ. ૬૦) મુ.પો. મહુદ્રા, તા.,જિ. ગાંધીનગર.
● સ્વ. રમેશચંદ્ર શંકરલાલ વ્યાસ (ઉ.વ. ૬૫) પ્લોટ નં. ૪૩૦/એ-૧, સેકટર-૮, ગાંધીનગર.